દિવ્ય ભાસ્કર

હોમ વીડિયો સર્ચ ઈ-પેપર

ટૉપ ન્યૂઝ
મારું શહેર
LRD ભરતી
મારું ગુજરાત
રંગત-સંગત
ઓરિજિનલ
ટી-20 વર્લ્ડ કપ
કોરોના - વેક્સિનેશન
ઈન્ડિયા
વર્લ્ડ

ફીડબેક આપો

Gujarati News / Local / Gujarat / Ahmedabad / Center Approves Three CERC Suggestions For Amending E commerce Law, Find Out Which Suggestions

# કન્ઝ્યુમર પ્રોટેક્શન ઈ-કોમર્સના કાયદામાં સુધારો થશે: ઈ-કોમર્સના કાયદામાં સુધારા માટે કેન્દ્રએ CERCના ત્રણ સૂચનો સ્વીકાર્યાં, જાણો કયા કયા સૂચનો કર્યાં

અમદાવાદ
20 કલાક પહેલા



Download App from
GET IT ON Google Play
Download on the App Store
Follow us on

દિવસેને દિવસે ઓનલાઈન શોપિંગનો ટ્રેન્ડ વધી રહ્યો છે. તેની સાથે જ ઓનલાઇન શોપિંગ કરતા ગ્રાહકોના હિતનો મુદ્દો પણ અવારનવાર ચર્ચાનો વિષય રહ્યો છે. તેવામાં કેન્દ્ર સરકાર કન્ઝ્યુમર પ્રોટેક્શન ઈ-કોમર્સના કાયદામાં સુધારો કરવા જઈ રહી છે. જે સંદર્ભે અમદાવાદના કન્ઝ્યુમર એજ્યુકેશન રિસર્ચ સેન્ટર(CERC) દ્વારા કરવામાં આવેલ ત્રણ મહત્વપૂર્ણ સૂચનોને કેન્દ્રના કન્ઝ્યુમર અફેર્સ મિનિસ્ટ્રીએ સ્વીકાર્યા છે.

### વેચનારની જ નહીં પણ ઈ-કોમર્સ કંપનીની પણ જવાબદારી નક્કી કરો

અમદાવાદ CERCના એડવોકેસી ઓફિસર અનુસુયા ઐયરે દિવ્યભાસ્કર સાથે ખાસ વાત કરતાં જણાવ્યું કે તેમના દ્વારા ત્રણ ખાસ મહત્વપૂર્ણ સૂચનો કરવામાં આવ્યા હતા. જે પૈકી મુખ્યત્વે 'ફોલ બેક લાયબલિટી' કલમ અંતર્ગત, ઓનલાઇન શોપિંગમાં ગ્રાહકોને છેતરપિંડી થાય એટલે કે ગ્રાહકએ મંગાવેલ ચીજવસ્તુ અલગ હોય કે પછી નકલી હોય, તેની જવાબદારી ન માત્ર વેચનાર પર પરંતુ ઈ-કોમર્સ

ફીડબેક આપો

આજનું રાશિફળ મેષ
મેષ|Aries
પોઝિટિવ:- આજના દિવસનો મોટાભાગનો સમય પરિવારના લોકો સાથે કોઈ ખાસ યોજનાને લગતી ચર્ચા-વિચારણામાં પસાર થશે. કામ વધારે રહેશે. કોઈ જરૂરિયાતમંદ વ્યક્તિની મદદ કરવાથી
વધુ વાંચો



CERCના એડવોકેસી ઓફિસર અનુસુયા ઐયર

## ડિલિવરી ન મળે ત્યારે ઈ-કોમર્સ વેબસાઈટ હાથ અદ્ધર કરે છે

હાલ ઘણા કિસ્સામાં એવું જોવા મળે છે, કે જ્યારે ગ્રાહક ઓનલાઈન શોપિંગ કરે છે અને તેને ડિલિવરી નથી મળતી ત્યારે ઈ-કોમર્સ વેબસાઈટ હાથ અદ્ધર કરે છે અને વેચાણકાર પર જવાબદારી ઢોળી દે છે. જેથી જે-તે ઈ-કોમર્સ પ્લેટફોર્મ પરથી જવાબ ન મળવાના કારણે ખરીદી કરનાર ગ્રાહકે રઝળી પડવાનો વારો આવે છે. જેથી માત્ર ગ્રાહકને ડિલિવરી જ નહીં પણ ખોટી કે નકલી પ્રોડક્ટ મળવા પર પણ કાર્યવાહી કરવા સૂચન કરવામાં આવ્યું છે.

## ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર વેચાણ કરતા દુકાનદારને પેનલ્ટી કરો

બીજું મહત્ત્વનું સૂચન એ કરવામાં આવ્યું છે કે ઈ-કોમર્સ પ્લેટફોર્મ ઉપર વેચાણ કરતા દુકાનદાર સામે ગ્રાહકને છેતરપિંડીના કિસ્સામાં માત્ર બ્લેકલિસ્ટ નહીં, પરંતુ પેનલ્ટીની પણ જોગવાઇ કરવી જોઈએ. જેથી કરીને દુકાનદારો ઓનલાઇન બિઝનેસમાં ગંભીરતા દાખવે અને ગ્રાહકોને તેનો સીધો ફાયદો થાય.

Advertise with Us | Terms of Use | Contact Us | RSS | Cookie Policy | Privacy Policy

Our Divisions
DainikBhaskar.com
DivyaBhaskar.com
DivyaMarathi.com
MoneyBhaskar.com
HomeOnline.com
BhaskarAd.com

Copyright © 2021-22 DB C( ltd., All Rights Reserved

This website follows the DN Code of Ethics.

ફીડબેક આપો

એટલું નહીં પરંતુ ઈ-કોમર્સ કંપનીઓ પોતાના પ્લેટફોર્મ પર કેટલીક પ્રોડક્ટની જાહેરાત કરે છે. જેમાં કેટલાક કિસ્સા એવા હોય છે કે, જેનાથી ગ્રાહકો ગેરમાર્ગે દોરાય છે. જે ન થાય તે માટે પણ ઈ-કોમર્સ પ્લેટફોર્મની જવાબદારી નક્કી કરીને યોગ્ય કાર્યવાહી કરવા માટે મહત્વપૂર્ણ સૂચન કરવામાં આવ્યું છે.

CERCના મહત્વપૂર્ણ સૂચનોને લઈને કેન્દ્ર સરકારના કન્ઝ્યુમર અફેર્સ વિભાગ સાથે બેઠક પણ થઇ હતી, જેમાં તેને ધ્યાને લેવામાં આવ્યા છે. સાથે જ હજુ વધારે સલાહ-સુચન અને ઈનપુટ આપવા માટે પણ વિભાગ તરફથી કહેવામાં આવ્યું છે. કેન્દ્ર સરકાર કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ સંદર્ભે ઓનલાઇન શોપિંગને કેન્દ્રમાં રાખી, કાયદામાં એક મહત્વપૂર્ણ સુધારો કરવાની કામગીરી આરંભી છે, જે અંતર્ગત આ સલાહ સૂચન કરવામાં આવ્યા છે.

ફીડબેક આપો

## અન્ય સમાચારો પણ છે...



**ATMનું એનાલિસિસ: રાજ્યના ગ્રામ્ય વિસ્તારોના હિસ્સામાં માત્ર 15% જ ATM, શહેરોમાં 3000 લોકો જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં 21000 વચ્ચે એક ATM**

અમદાવાદ શેર



**અમદાવાદ કોર્પોરેશનનો નિર્ણય: વેક્સિનના ડોઝ નહીં તો વેતન નહીં; AMCના કર્મચારીઓ પર નિયમ લાગુ,**